# <u>ફોજદારી કેસ નં. ૩૩૩૩/૧૯૯૪ ના કામે આંક–૧ તળે હુકમ</u>

## શ્રી સરકાર વિ. મહાદેવ દેસાઈ

૧. આ કામે વિ. એપીપીશ્રી અરજી વંચાણે લીધી. આ કેસના પેપર્સ વંચાણે લીધા. આરોપી સામેના કેસ સબંધે કલેકટરશ્રીએ કરેલ હુકમ અનુસંધાને વિ.એપીપીશ્રી આપેલ વિથડ્રો પુરસીસમાં આ કેસ જુનો હોય અને આરોપી મળી આવતા ન હોય તેઓને પરવાનગી આપવી ઉચિત જણાતી હોય તેઓને પરવાનગી આપવામાં આવેલ છે. આમ, આરોપી સામેનો કેસ જુનો છે, આરોપી મળી આવતા નથી, આરોપી સામેનો કેસ પડતર રાખવાથી ન્યાયનો કોઈ હેતુ સરે તેમ નથી અને કેસ પડતર રાખવાથી કોર્ટ પર કામગીરીનું ભારણ વધે તેવા સંજોગો છે. આમ, નામ. હાઈકોર્ટ દવારા વખતોવખત આપવામાં આવેલ સુચનાઓ, પરિપત્રો વિગેરે ધ્યાને લઈ હાલના કામે વિ.એપીપીશ્રીએ આપેલ પુરસીસના આધારે આ કેસ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૨૧ મુજબ વિથડ્રોથી ફેસલ કરવામાં આવે છે અને આરોપીને તેની સામેના ગુનામાંથી નિર્દોષ / બિનતહોમત છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે જો આરોપીએ કોઈ રોકડ જામીનગીરી આપેલ હોય તો તેવી રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. મુદામાલ અંગે વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે. / મુદામાલ સરકાર ખાલસા કરવો / મુદામાલ ફરીયાદીને પરત આપવો. બિનકિંમતી મુદામાલનો નાશ કરવો.

અમદાવાદ
તા.૧૦/૭/૨૦૨૧

(તુષાર એન. ખંધડીયા)
બીજા એડી. ચીફ જ્યુડી. મેજી.
અમદાવાદ (રૂરલ), અમદાવાદ
<u>કોડ નં.જી.જે.૦૦૯૫૩</u>